RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર


MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com


સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 228, Dt.13-12-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાજકોટના ૭૯૩ કરોડના વિકાસકામોનું લોકાર્પણ- ખાતમુહૂર્ત કરતા ભુપેન્દ્રભાઇ પટેલ

## રાજકોટ નજીક જશવંતપુર ખાતે મુખ્યમંત્રીના હસ્તે શ્રી ઉમિયાધામ મંદિરનું ખાતમૂહુર્ત કરાયુંઃ ૩૬ કરોડના ખર્ચે નિર્માણ પામનાર રાજકોટ જિલ્લા પંચાયતના નવા ભવનના નિર્માણનું પણ ખાતમુહૂર્તઃરાજકોટનો લાઇટહાઉસ પ્રોજેકટ દેશભરમાં આઇકોનીક બન્યો








(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે આજે મનપાનાં કુલ ૭૯૩.૮૫ કરોડના વિવિધ વિકાસકામોના લોકાર્પણ-ખાતમુર્હુત કરાયું હતું. તેમજ બપોરે ૧૨ કલાકે રેસકોર્સ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં નવા રિંગ રોડ પર સ્માર્ટ સિટીમાં બનેલા અટલ સ્માર્ટ સિટી સંકુલ સહિત ૫૬૯.૧૯ કરોડના ૪ પ્રકલ્પના ઉદ્દઘાટન અને ૨૨૪.૨૬ કરોડના ૫૬ પ્રકલ્પના ખાતમુર્હુત કરાયું હતું. આ ઉપરાંત ૧.૫ બીએચકેના ૧૦૧૦ આવાસનો ડ્રો, રૂડાના ૨૧૦ આવાસના ડ્રો, શહેરમાં વધુ ૨૨ સીએનજી બસ, ડ્રેનેજ માટે વસાવવામાં આવેલા ૭ નવા જેટીંગ મશીન વાહનોનું લોકાર્પણ પણ તેમના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પહેલા રાજકોટની ભાગોળે બનનાર ઉમિયા માતાજીના મંદિરનું ખાતમુહૂર્ત પણ મુખ્યમંત્રીનાં હસ્તે થયું હતું. આ પ્રસંગે મેયર નયનાબેન પેઢડીયા, મંત્રી રાઘવજીભાઇ પટેલ, ભાનુબેન બાબરીયા, કુવરજીભાઇ બાવરીયા, સાંસદ પુરષોતમ રૂપાલા, ધારાસભ્ય ઉદય કાનગડ, રમેશભાઇ ટીલાળા, દર્શીતાબેન શાહ, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઇ દોશી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ૨૦૦ ફૂટના રોડ ૩ કિ.મી.માં અને ૧૫૦ ફૂટના રોડ ૧૫ કિ.મી.માં છે. ૨૪ કલાક પાણીનું માળખુ ઉભું કરાયું છે. તો પાણી વપરાયા બાદ ફરી અન્ય ઉપયોગમાં લઇ શકાય તે માટે દુબઇની જેમ સ્માર્ટ સિટીમાં રિસાયકલ, વોટર સપ્લાય સિસ્ટમ ૮૫ કરોડના ખર્ચે ઉભી કરાઇ છે. આ ઉપરાંત રોબસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં ૫ વર્ષના ઓપરેશન એન્ડ મેઇન્ટેનન્સ સાથે રૂપિયા ૫૬૫.૧૧ કરોડના ખર્ચે રોડ નેટવર્ક, ઇછઝજ કોરીડોર તથા બસ સ્ટોપ, સ્માર્ટ લાઇટિંગ, ૨૪ કલાક વોટર સપ્લાય અને સ્ટોર્મ વોટર, સીવરેજના કામો થયા છે. જેનું મુખ્યમંત્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ વિકાસ પ્રકલ્પો પૈકી ૫૬૯.૧૯ કરોડના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ તથા ૨૨૪.૨૬ કરોડના જુદા જુદા ૫૬ પ્રકલ્પોના ખાતમુહૂર્ત તેમજ રાજકોટ મનપા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણાધિન ૧.૫ ઇંઇઊંના ૧૦૧૦ આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસ ફાળવણીનો કોમ્પ્યુટરાઇઝ્ડ ડ્રો તથા રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના ઊઠજ-૨ કેટેગરીના ખાલી ૨૧૦ આવાસનો ડ્રો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરાશે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

જેનો કાર્યક્રમ તેમજ જાહેરસભા રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે બપોરે ૧૨ વાગ્યે યોજાશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૧૯ કરોડના ખર્ચે ટીપી ૧૯ એફપી. ૧૨/અ તથા ૧૨/ઈ પર રેલનગર વિસ્તારમાં ઊઠજ-ઈંઈ પ્રકારના ૧૦૧૦ આવાસોની કામગીરી ચાલુ છે. આવાસ યોજનાઓ ઇન્ટીગ્રેટેડ ઇન્કલુંઝીવ પ્રકારની બનાવવામાં આવેલ છે. જેમાં આવાસોની આંગણવાડી તેમજ શોપિંગ સેન્ટરનું નિર્માણ પણ કરવામાં આવેલ છે. જેથી નાગરિકોને રોજ-બરોજની જીવન જરૂરિયાતની વસ્તુઓ નજીકમાં મળી રહેશે. આ આવાસ યોજનામાં કોમન લાઈટીંગ માટે રૂફટોપ સોલાર સિસ્ટમની વ્યવસ્થા, પાણીની લાઈન, ડ્રેનેજ સિસ્ટમ, ગેસ પાઈપલાઈન, વીજ કનેક્શન, લાઈટીંગ અરેસ્ટર, ઓટો ડોર લીફ્ટ(ફાયર તથા કોમન), રેઈન વોટર હાર્વેસ્ટિંગ, બિલ્ડીંગ દીઠ ઓટો ઉત્ક્ષ્ઞ જનરેટર સેટ્સ, ફાયર ટેંક તથા ફ્લપ્રૂફ ફાયર સીસ્ટમ, સિક્યોરીટી રૂમ, ચિલ્ડ્રન પ્લે એરિયા (રમત-ગમ્મત ના સાધનો સાથે) વિગેરેની સુવિધા સાથે આ આવાસો લાભાર્થીઓને માત્ર સાડા પાંચ લાખ રૂપિયાની નજીવી કિંમતમાં સોંપવામાં આવનાર છે.

### રાજકોટમાં જૂના એરપોર્ટ ખાતે મુખ્યમંત્રીનું ભાવભર્યું અભિવાદન કરાયું



ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રાજકોટ જિલ્લામાં અનેકવિધ વિકાસકાર્યોના ખાતમુહુર્ત-લોકાર્પણ પ્રસંગે આવી પહોંચ્યા છે. આ પ્રસંગે રાજકોટ શહેરમાં જૂના એરપોર્ટ ખાતે મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્યઓ ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ઉદયભાઈ કાનગડ અને દૂર્લભજીભાઈ દેથરીયા, રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, નાયબ પોલીસ કમિશ્નર જગદીશ બાંગરવા, એ.સી.પી. એમ. આઈ. પઠાણ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી પ્રિયંકભાઈ ગલચર, અગ્રણીઓ મૂકેશભાઈ દોશી, ભરતભાઈ બોઘરા સહીતના પદાધિકારીઓ-અધિકારીઓએ મુખ્યમંત્રીનું ભાવભર્યું અભિવાદન કર્યું હતું.

### રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ અને જશવંતપુર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું ઉષ્માભર્યું સ્વાગત કરાયુ

આજરોજ રાજકોટ ખાતે વિવિધ વિકાસલક્ષી કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા હતા.મુખ્યમંત્રીનું એરપોર્ટ ખાતે રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા, રેન્જ આઈ.જી અશોક યાદવ, પોલીસ કમિશનર બ્રિજેશ કુમાર ઝા, નિવાસી અધિક કલેકટર એ. કે. ગૌતમ, જિલ્લા પુરવઠા અધિકારી રાજેશ્રીબેન વંગવાણીએ પુષ્પગુચ્છ આપી ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. જશવંતપુર હેલીપેડ ખાતે મુખ્યમંત્રીભૂપેન્દ્રભાઈ પટેલને કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયા, સંસદ સભ્ય પુરુષોત્તમભાઈ રૂપાલા, જિલ્લા કલેકટર પ્રભવ જોષી, જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હણે, રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક હિમકર સિંઘ, તથા સ્થાનિક અગ્રણીઓએ પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

# બાંગ્લાદેશે હિંદુઓ પર ૮૮ હુમલા થયાનું સ્વીકાર્યું




**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

બાંગ્લાદેશે મંગળવારે ઓગસ્ટમાં ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાની હકાલપટ્ટી પછી લઘુમતીઓને, મુખ્યત્વે હિન્દુઓને નિશાન બનાવતી સાંપ્રદાયિક હિંસાની ૮૮ ઘટનાઓની પુષ્ટિ કરી છે. વચગાળાના સરકારના વડા મુહમ્મદ યુનુસના પ્રેસ સેક્રેટરી, શફીકુલ આલમે પણ કહ્યું કે સાંપ્રદાયિક હિંસાની ઘટનાઓના સંબંધમાં ૭૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

બાંગ્લાદેશી નેતૃત્વ સાથેની બેઠકો દરમિયાન વિદેશ સચિવ વિક્રમ મિસરીએ લઘુમતીઓ પરના હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને તેમની સુરક્ષા અને કલ્યાણ અંગે ભારતની ચિંતા વ્યક્ત કરી હતી તેના એક દિવસ બાદ આ ખુલાસો થયો છે.આલમે પત્રકારોને જણાવ્યું હતું કે ૫ ઓગસ્ટથી ૨૨ ઓક્ટોબર વચ્ચે લઘુમતીઓ સાથે સંકળાયેલી ઘટનાઓમાં કુલ ૮૮ કેસ નોંધાયા છે. આલમને ટાંકીને અહેવાલમાં જણાવ્યું હતું કે, કેસો અને ધરપકડની સંખ્યામાં વધારો થવાની સંભાવના છે કારણ કે (પૂર્વોત્તર સુનમગંજ, (મધ્ય) ગાઝીપુર અને અન્ય વિસ્તારોમાં હિંસાની નવી ઘટનાઓ પણ નોંધવામાં આવી છે.

તેમણે ઉલ્લેખ કર્યો કે કેટલાક પીડિતો અગાઉના શાસક પક્ષના સભ્યો હોઈ શકે છે. સરકારે જાળવી રાખ્યું છે કે, કેટલીક ઘટનાઓ સિવાય, હિન્દુઓને તેમની આસ્થાના કારણે નિશાન બનાવવામાં આવ્યા ન હતા.

કેટલાક હુમલાઓ એવા વ્યક્તિઓને નિશાન બનાવે છે જેઓ શાસક પક્ષના ભૂતપૂર્વ સભ્યો હતા અથવા તેઓ વ્યક્તિગત વિવાદોનું પરિણામ હતા. તેમ છતાં, હિંસા થઈ ત્યારથી, પોલીસ યોગ્ય પગલાં લઈ રહી છે. તેમણે કહ્યું કે ૨૨ ઓક્ટોબર પછી બનેલી ઘટનાઓની વિગતો ટૂંક સમયમાં શેર કરવામાં આવશે.

# દિલ્હીમાં કેટલીક સ્કૂલોને બોમ્બથી ઉડાવવાની ફરી ધમકી

## સવારે સાડા ચાર વાગ્યે બોમ્બની ધમકીનો પહેલો કોલ આવ્યો હતો : આ પછી શાળાઓને એક ઈમેઈલ મોકલવામાં આવ્યો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશની રાજધાની દિલ્હીની કેટલીક શાળાઓને ફરી એકવાર બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે. જેમાં પ્રાપ્ત માહિતી મુજબ પુર્વ કૈલાશ ડીપીએસ, સલવાન સ્કૂલ, મોડર્ન સ્કૂલ, કેમ્બ્રિજ સ્કૂલમાં બોમ્બની ધમકી મળી છે. જેમાં સવારે સાડા ચાર વાગ્યે બોમ્બની ધમકીનો પહેલો કોલ આવ્યો હતો. આ પછી શાળાઓને એક ઈમેઈલ મોકલવામાં આવ્યો હતો જેમાં તેમને જણાવવામાં આવ્યું હતું કે ત્યાં બોમ્બ મૂકવામાં આવ્યા છે અને ટૂંક સમયમાં વિસ્ફોટ કરવામાં આવશે.



એક શાળાને મળેલા ધમકીભર્યા ઈમેલમાં કહેવામાં આવ્યું છે કે તમારી શાળાના પરિસરમાં અનેક વિસ્ફોટકો મૂકવામાં આવ્યા છે. તેમજ તમે શાળામાં પ્રવેશ કરતાં તમામ વિદ્યાર્થીઓની બેગની તપાસ કરતા નથી. આ ધમકી આપવામાં ગુપ્ત ડાર્ક વેબ મેલ અને કેટલાક રેડ રૂમનો ધમકી આપવા માટે ઉપયોગ કરવામાં આવ્યો છે. બોમ્બ ઈમારતોને ઉડાવવા અને લોકોને નુકસાન પહોંચાડવા શક્તિશાળી છે.

ધમકી આપનાર વ્યક્તિએ ઈમેલમાં લખ્યું છે કે અમને જાણવા મળ્યું છે કે શાળામાં શુક્રવાર અને શનિવારે પીટીએમ યોજાવા જઈ રહ્યું છે. આ દરમિયાન વાલીઓ અને શિક્ષકો ઉપરાંત બાળકો પણ હાજર રહેશે. બોમ્બ વિસ્ફોટ માટેની આ સારી તક હશે. ૧૩મી ડિસેમ્બર ૨૦૨૪ અને ૧૪મી ડિસેમ્બર ૨૦૨૪ એ દિવસો હોઈ શકે છે. જ્યારે તમારી શાળાએ બોમ્બ વિસ્ફોટનો સામનો કરવો પડશે. ધમકીભર્યા ઈમેલમાં લખવામાં આવ્યું છે કે શાળામાં બોમ્બ મુકવામાં આવ્યા છે અને ૧૩ અને ૧૪ ડિસેમ્બરે બ્લાસ્ટ કરવામાં આવશે.

અમારી માંગણીઓ સંદર્ભે આ ઈમેલનો જવાબ આપો, નહીંતર બોમ્બ વિસ્ફોટ કરવામાં આવશે. બીજી બાજુ ઘટનાની જાણકારી મળતા ફાયર બ્રિગેડ અધિકારીઓ અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને મામલાની તપાસ હાથ ધરી છે.

પોલીસે જણાવ્યું હતું કે તપાસ બાદ ઘટનાસ્થળેથી હજુ સુધી શંકાસ્પદ વસ્તુ નથી મળી. ઉલ્લેખનીય છે કે દિલ્હીની ઈસ્ટ ઓફ કૈલાસ ડીપીએસ, સલવાન સ્કુલ અને કેમ્બ્રીજ સ્કુલને ઈ-મેલના માધ્યમથી ધમકી મળી છે.

# ઈરાન - અમેરિકા યુદ્ધનો ભય : ટ્રમ્પે કહ્યું કંઈ પણ થઈ શકે

## ૨૦૨૦માં ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ હવાઈ હુમલાને મંજૂરી આપી હતી જેમાં ઈરાનના ટોચનાં સૈન્ય કમાન્ડર કાસિમ સુલેમાનીનું મોત થયું હતું



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાનાં નવાં ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને લઈને ચોંકાવનારું નિવેદન આપ્યું છે. ટાઈમ મેગેઝિન સાથેની વાતચીત દરમિયાન ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે ઈરાન અમેરિકા સાથે યુદ્ધ કરે તેવી શક્યતા કેટલી છે ? તેનાં જવાબમાં ટ્રમ્પે કહ્યું કે કંઈ પણ થઈ શકે છે. ટાઈમ મેગેઝીને ટ્રમ્પને પર્સન ઓફ ધ યર તરીકે પસંદ કર્યા છે.

ટ્રમ્પે ઈરાન સાથે યુદ્ધની આશંકા નકારી ન હતી. ટ્રમ્પે કહ્યું કે પકંઈ પણ થઈ શકે છે. આ ખૂબ જ અસ્થિર સ્થિતિ છે. ટ્રમ્પે કહ્યું, પતેમનું માનવું છે કે અત્યારે સૌથી ખતરનાક સ્થિતિ યુક્રેન દ્વારા રશિયામાં મિસાઈલ છોડવાની છે, જે યુદ્ધને વધુ ખરાબ કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે, પોતાનાં પ્રથમ કાર્યકાળ દરમિયાન પણ ટ્રમ્પનું વલણ ઈરાન પ્રત્યે ખૂબ જ કડક હતું. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ જૂથે ટ્રમ્પની હત્યા કરવાની ધમકી આપી હતી.

જે બાદ ટ્રમ્પે ઈરાનને કડક શબ્દોમાં ધમકી આપી હતી. જોકે, ઈરાને આ આરોપોને નકારી કાઢ્યાં હતાં. વર્ષ ૨૦૨૦માં ટ્રમ્પે પોતે ઈરાન વિરુદ્ધ હવાઈ હુમલાને મંજૂરી આપી હતી, જેમાં ઈરાનના ટોચનો સૈન્ય કમાન્ડર કાસિમ સુલેમાની માર્યો ગયો હતો.

બરાક ઓબામા સરકાર દરમિયાન ૨૦૧૫ માં અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ સમજૂતી થઈ હતી, પરંતુ ૨૦૧૮ માં ટ્રમ્પે તે કરાર તોડી નાખ્યો હતો અને ઈરાન પર આર્થિક પ્રતિબંધો લગાવ્યાં હતાં, જેનાં કારણે ઈરાનની યુરેનિયમ સંવર્ધન ક્ષમતામાં ઘટાડો થયો હતો અને તેનાં પરમાણુ કાર્યક્રમને મોટો આંચકો લાગ્યો હતો .

હવે જ્યારે ટ્રમ્પ ફરીથી અમેરિકાનાં પ્રમુખપદની જવાબદારી સંભાળવા જઈ રહ્યાં છે ત્યારે માનવામાં આવી રહ્યું છે કે અમેરિકા ઈરાન પર ફરીથી દબાણ વધારી શકે છે. ટ્રમ્પના નજીકનાં એક નેતાએ પોતાનાં નિવેદનમાં કહ્યું છે કે રાષ્ટ્રપતિ પદ સંભાળ્યાના પહેલાં જ દિવસથી ટ્રમ્પ ઈરાન પર દબાણ બનાવવાની રણનીતિ પર કામ કરશે જેથી પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી સ્થિતિને નિયંત્રિત કરી શકાય.

# અમેરિકા ૧૭૯૪૦ ભારતીયોને પરત ધકેલશે : મોટાભાગનાં ગુજરાતી

## ઈમિગ્રેશન વિભાગે ગેરકાયદે વસવાટ કરનારાનું લિસ્ટ જારી કર્યું

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકામાં નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આવતા મહિને પદગ્રહણ કરનાર છે.ગેરકાયદે ઘુસેલાઓને અમેરીકામાંથી હાંકી કાઢવાનુ જાહેર કર્યુ છે. અને અમેરીકી ઈમીગ્રેશન વિભાગે અત્યારથી જ લીસ્ટ બનાવવા માંડ્યુ છે. જયારે પ્રથમ લીસ્ટમાં ગુજરાતીઓ સહીત ૧૮૦૦૦ ની યાદી તૈયાર થઈ છે.આ ભારતીયોએ બિસ્તરા પોટલા બાંધવાનું પણ શરૂ કરી દીધુ છે. અમેરિકી ઈમીગ્રેશન એન્ડ કસ્ટમ એન્ફોર્સમેન્ટ દ્વારા ૧૭૯૪૦ ભારતીયોનું લીસ્ટ જારી કર્યુ છે. ગેરકાયદે વસવાટ કરતાં ૧૪.૪૫ લાખ લોકો પૈકીનાં આ લીસ્ટમાં મોટાભાગના ગુજરાતી તથા પંજાબ અને આંધ્રપ્રદેશનાં લોકો છે. આ પૈકીનાં અનેક સામે કેસ છે અને સુનાવણી છે.ત્રણ વર્ષ દરમ્યાન નિર્ધારીત થયેલી છે. છેલ્લા ત્રણ વર્ષથી અમેરિકામાં ઘુસવાનો પ્રયાસ કરતાં ૯૦,૦૦૦ ભારતીયો પકડાયા હોવાનું ઉલ્લેખનીય છે. નિષ્ણાંતોના કહેવા પ્રમાણે અમેરીકામાં ગેરકાયદે વસવાટ કરતાં ભારતીયોમાં ગુજરાતી, પંજાબી અને આંધ્રપ્રદેશનાં લોકોની સંખ્યા વધુ છે. ઈમીગ્રેશન વિભાગનાં રીપોર્ટ પ્રમાણે મધ્ય અમેરીકાનાં હોન્ડુરાસમાં ૨.૬૧ લાખ ગેરકાયદે વસાહતી ઓળખાયા છે જયારે બીજા ક્રમે ઓટેમાલાનાં ૨.૫૩ ગેરકાયદે વસાહતી છે. અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરતાં ૩૭૯૦૮ લોકો ચીનનાં છે.ભારતનો ગેરકાયદે વસાહતીઓમાં ૧૩ મો ક્રમ છે. ભારત-ચીનને બાદ કરતાં ટોપ-૧૫ દેશો અમેરિકાની જ આજુબાજુનાં છે. મહત્વની વાત એ છે કે રીપોર્ટમાં સમગ્ર પ્રક્રિયામાં ભારત તરફથી યોગ્ય સહકાર મળતો ન હોવાનું જણાવવામાં આવ્યું છે.ભારતીય તંત્ર



તરફથી યોગ્ય સંકલન થતુ ન હોવાથી દેશનિકાલ પ્રક્રિયામાં વિલંબ થઈ રહ્યો છે. આ પડકાર ઉકેલવા માટે રાજદ્વારી પગલા વિચારવામાં આવી રહ્યા છે. અમેરિકામાં ગેરકાયદે વસાહતીઓનાં મૂળ દેશો પોતાના નાગરીકોની ઓળખ કરે તેવી અમેરીકન પ્રક્રિયા છે. આવા નાગરીકોને પરત ફરવાની વ્યવસ્થા વિશે પણ રીપોર્ટમાં કહેવાયુંછે. આ પ્રક્રિયામાં સંકલન-મદદ નહી કરતા દેશોને સહકાર ન આપતા રાષ્ટ્રોની યાદીમાં મુકવામાં આવે છે. હાલ ભુટાન, હોંગકોંગ, રશીયા,ચીન, પાકિસ્તાન સહીત ૧૫ દેશોને આ યાદીમાં મુકાયા છે. નવનિયુક્ત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગેરકાયદે વસાહતીઓને બહાર કાઢવાની કટીબદ્ધતા જાહેર કરી જ છે. ઈમીગ્રેશન નીતિ કડક બનાવીને કડક અમલ કરવાનુ જાહેર કર્યુ છે. દેશ નિકાલનાં આખરી ઓર્ડર થઈ ગયો હોય તેઓને તુર્તજ અમેરિકામાંથી બહાર કાઢશે.

# ઉપલેટાના ખાખીજાળિયા, કોલકી ગામે નવનિર્માણ પામેલ આંગણવાડીનું ધારાસભ્યના હસ્તે લોકાર્પણ કરવામા આવ્યું



■ રાજકોટ આઈ.સી.ડી.એસ ના ઈન્ચાર્જ જિલ્લા પ્રોગ્રામ ઓફિસર જનક સિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યા

**મુખ્ય સમાચાર, ઉપલેટા**
અહેવાલ નિલેશ સોલંકી ઉપલેટા

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ખાખીજાળિયા, કોલકી ગામે નવનિર્માણ પામેલ આંગણવાડીના કેન્દ્રોનું લોકાર્પણ કરવામા આવ્યું હતું તે પ્રસંગે ધારાસભ્ય,તાલુકા પંચાયતના ઉપપ્રમુખ , સરપંચ ભાવેશ ભાઈ સૂવા, પ્રકાશ ભાઈ ભાલોડીયા તાલુકા પંચાયત ના માજી પ્રમુખ વિનુ ભાઈ ચંદ્રવાડીયા ગામના આગેવાનો , તેમજ પ્રોગ્રામ ઓફિસર રાજકોટ ગ્રામ્ય ડો.જનકસિંહ ગોહિલ ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે ધારાસભ્ય દ્વારા બાળકોને નવનિર્મિત કેન્દ્રોમાં પ્રવેશ કરાવેલ તેમજ વાલીઓ સાથે વિશેષ સંવાદ કર્યો હતો . આ તકે ઉપલેટા બાળ વિકાસ યોજના અધિકારી ઉર્વશીબા જાડેજા એ ધારાસભ્ય, અધિકારીઓ આગેવાનો, પદાધિકારીઓ નો આભાર વ્યકત કર્યો હતો એન.એન. એમ. રાજદીપ ભાઈ ગજેરા એ યાદી મા જણાવેલ છે.

# સેવાકીય પ્રવૃત્તિ માં અગ્રેસર પત્રકાર અમૃતભાઈ રાઠોડ આજે જન્મદિવસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**



સેવાકીય પ્રવૃતિમાં અગ્રેસર એવા પત્રકાર અમૃતભાઈ રાઠોડ નો આજે જન્મ દિવસ છે. પોતાના અનુસૂચિત જાતિ સમાજ ઉપરાંત પ્રત્યેક સમાજના ગરીબ તેમજ મધ્યમ વર્ગીય લોકોની સેવા માટે સદાય તત્પર રહેતા અમૃતભાઈ રાઠોડ પત્રકાર સમાજમાં યુવા અગ્રણીના પોતે બહોળું મિત્ર વર્તુળ ધરાવે છે. સત્યની રાહે ચાલી પ્રજાના પ્રશ્નો હલ કરવા તેઓ એ કદી પાછીપાની નથી કરી. સૌને મળતાવડો સ્વભાવ ધરાવતા અમૃતભાઈ રાઠોડ શહેર જિલ્લા પત્રકાર અને પ્રેસ ફોટોગ્રાફર્સ એસોસિયેશનના સદસ્ય તરીકે તેમજ સમાજ સેવક તરીકે સેવા બજાવી રહ્યા છે. ત્યારે મીડિયા સાથે સંકળાઈને લોકશાહીની ચોથી જાગીરના પ્રતિનિધિ એવા અમૃતભાઈ રાઠોડ ને મિત્ર વર્તુળ ઉપરાંત ન્યુઝ પરિવાર દ્વારા શુભકામના મળી છે રાજકોટ કી અવાઝ ન્યુઝ અને એટ ધીસ ટાઈમ ન્યુઝ ના રિપોર્ટર અમૃતભાઈ રાઠોડ મીડિયા સાથે સંકળાયેલા અને હમેશા માટે સેવાકીય પ્રવૃત્તિ માં અગ્રેસર રહ્યા છે આજે જન્મ દિવસ નિમિત્તે સગા સંબંધી, મિત્ર સર્કલ, આગેવાનો અને સામાજિક સંસ્થા અને ગુજરાત રાજકીય આગેવાનો પત્રકાર મિત્રો દ્વારા શુભકામના નો ધોધ એમના મોબાઈલ નંબર ૯૬૬૨૧૪૭૧૮૬ પર વરસી રહ્યો છે.

# મોરબીમાં પાસા હેઠળ બે ઈસમોની અટકાયત કરી સુરત અને વડોદરા જેલ હવાલે કરાયા

## મોરબી જીલ્લા પોલીસે બુટલેગર અને માથાભારે આરોપીની પાસા તળે અટક કરી જેલ હવાલે કર્યા

**મુખ્ય સમાચાર,મોરબી**




મોરબી જીલ્લા પોલીસે પ્રોહીબીશન તેમજ શરીર સંબંધી ગુનામાં સંડોવાયેલ બે આરોપીઓ સામે કડક કાર્યવાહી સબબ બંને આરોપીઓની પાસા તળે ડિટેઈન કરી સુરત તથા વડોદરા જેલ હવાલે કર્યા છે.

મોરબી જીલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા તેમજ માથાભારે ઈસમો સામે કડક કાર્યવાહીને લઈને મોરબી જીલ્લાના પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી અને નાયબ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ પાસા પ્રપોઝલ તૈયાર કરી જીલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલવામાં આવ્યું હતું, જે અંતર્ગત બે આરોપી વિશાલભાઈ વેલજીભાઈ રબારી રહે.શકત શનાળા ઉવ.૨૪ જે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં શરીરસબંધી ગુનામાં સંડોવાયેલ હતો, જ્યારે આરોપી જુબેરભાઈ બસ્સીરભાઈ સમા ઉવ.૨૫ રહે. રાજકોટ આજી ડેમ ચોકડી અનમોલ પાર્કવાળો વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનના પ્રોહિબીશનના ગુનામાં સંડોવાયેલ હતો તે બંનેના પાસા વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યા હતા, જેથી મોરબી જીલ્લા પોલીસે અલગ અલગ ટીમ બનાવી બંને આરોપીઓની પાસા તળે અટકાયત કરી આરોપીઓને સુરત અને વડોદરા ખાતે જેલ હવાલે કરવામાં આવ્યા હતા.

# મોરબી સીટી એ ડિવિઝન પોલીસની કાર્યવાહી, ચોરાઉ બાઈક સાથે એકને ઝડપી લેવાયો



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે ચોરીના મોટર સાયકલ સાથે રીઢા વાહન ચોર ઈસમને પકડી લેવામાં આવ્યો છે, આ સાથે પકડાયેલ વાહન ચોર પાસેથી અન્ય પાંચ સહિત કુલ ૬ મોટર સાયકલ કબ્જે લઈ ૬ જેટલા મોટર સાયકલ ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. મોરબી શહેરમા લગાવેલ નેત્રમ સી.સી.ટીવી.કેમેરા તેમજ હયુમન સોર્સીસથી બાતમીદારો આધારે સીટી એ ડિવિઝન પોલીસ મથકના એએસઆઇ રાજદીપસિંહ રાણા, પો.કોન્સ કપીલભાઈ ગુર્જર, સિધ્ધરાજસિંહ જાડેજા તથા હિતેષભાઈ ચાવડાને ખાનગીરાહે બાતમી મળેલ કે મોરબી ત્રિકોણબાગમાથી તેમજ તખ્તસિંહજી રોડ ઉપરથી અવાર નવાર મોટર સાયકલ ચોરી થયા અંગે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી જે મોટર સાયકલ ચોરી કરનાર આરોપી વિમલ મેઘનાથી ચોરીનું એક મોટર સાયકલ લઈને મોરબી નવલખી રોડ ફાટક પાસે આવવાનો હોય જેથી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ અગાઉથી વોચમાં હોય તે દરમિયાન ઉપરોક્ત આરોપી એક મોટર સાયકલ સાથે ત્યાંથી પસાર થતા તેને રોકી તેની પાસે મોટર સાયકલના કાગળો માંગતા નહી હોવાનુ જણાવતા પોકેટ કોપથી સર્ચ કરતા આ મોટર સાયકલ ચોરી કર્યા હોવાનું સામે આવ્યું હતું, જેથી પકડાયેલ આરોપીની સઘન પુછપરછ કરતા તેને આ સિવાય અન્ય પાંચ મોટરસાયકલ ચોરી કરેલ હોય અને આ મોટર સાયકલ મોરબી નવલખી રોડ ઉપર બાવળની ઝાડીમા વેચવા સારૂ રાખી દીધેલ હોય જેથી તે જગ્યાએ તપાસ કરતા ૫ સહિત કુલ ૬ મોટરસાયકલો મળી આવતા આરોપી વિમલભાઈ રમણીકગીરી મેઘનાથી ઉવ.૩૦ રહે.મોરબી સામાકાંઠે નિલકંઠ સોસાયટી મુળ રહે.નાની વાવડી તા.ધોરાજી જી.રાજકોટની અટકાયત કરી કુલ ૧.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો છે. પોલીસે આરોપી પાસેથી કબ્જે કરેલ મુદ્દામાલમાં સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ એન્જીન નં.JAOSECE9A22056, ચેસીસ નં.MBLIA05E9A22634, સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ ચેસીસનં.MBLHA1OBWFHH૧૫૫૩૬ એન્જીન નં.HA10EWFHHO8343, સુપર સ્પ્લેન્ડર મોટરસાયકલ ચેસીસનં.MBLHA1OBWFHM72162 એન્જીન નં.HA10EWFHM63593, સુપર સ્પ્લેન્ડર મોટરસાયકલ ચેસીસનં.06LACFO7853 એન્જીન નં.06LACE07724, સુપર સ્પ્લેન્ડર મોટરસાયકલ ચેસીસનં.MBLIAO5EMD9M04866 તથા એન્જીન નં.JAOSECD9M 13172 તથા હોન્ડા ડીલકસ મોટરસાયકલ ચેસીસનં.MBLHA11ENA9K11449 તથા એન્જીન નં.HA11ECA9K20318 એમ કુલ ૬ મોટરસાયકલ કબ્જે લઈ આરોપી સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર એલસીબી. પોલીસે ઈંગ્લિશ દારૂની ૧૪૨૮ બોટલનો જથ્થો પકડી પાડ્યો

**મુખ્ય સમાચાર,જામનગર**



જામનગર એલસીબી. પોલીસ દ્વારા ઈંગ્લિશ દારૂની ૧૪૨૮ બોટલનો જથ્થો પકડી પાડ્યો.લાલપુર તાલુકાના ડબાસંણ તથા નકટાપાવરીયા ગામ વચ્ચે આવેલ રોડ પરથી મોટી સંખ્યામાં ઈંગ્લિશ દારૂની ૧૪૨૮ બોટલનો જથ્થો પકડી પાડ્યો છે.જામનગર એલસીબી પોલીસ પેટ્રોલિંગ.દરમિયાન.એલસીબી સ્ટાફે બાતમીના આધારે લાલપુર તાલુકાના ડબાસંગ થી નકટાપાવરીયા ગામ વચ્ચે તરફ જવાના રોડ ઉપર રેલવે ફાટક નીચે બોલેરોમાંથીઈંગ્લિશ દારૂની ૧૪૨૮ બોટલ જેની કિંમત ૯,૨૫,૩૩૪ અને બોલેરો ૫ લાખ તથા મોબાઈલ નંબર બે કિંમત રૂપિયા ૧૦,૦૦૦ તથા દારૂ કાઢવા માટે ઉપયોગ કરાયેલી તાલપત્રી સહિત કુલ રૂપિયા ૧૪,૩૫,૩૪૪ નો મુદ્દા માલ સાથે બે આરોપીને પકડી પાડ્યા છે.પોલીસે ૧૪૨૮ ઈંગલિશ દારૂની બોટલના જથ્થા સાથે જયપાલસિંહ લાલુભા વાઘેલા રહે યુનિવર્સિટી રોડ હાઉસિંગ બોર્ડ રાજકોટ મૂળ તેમજ બાલાચડી ગામ તાલુકો જોડિયો જિલ્લો જામનગર ખાતે રહે છે. તેમજ બીજો આરોપી નરેન્દ્રભાઈ બાબુભાઈ રાઠોડ સોસાયટી જામનગર મુળ તે મચ્છુ બેરાજા ગામ તાલુકો લાલપુર જિલ્લો જામનગરનો રહેવાસી છે. પોલીસે ઈંગલિશ દારૂની બોટલ નો જથ્થો પકડી પાડ્યો છે તેમાં પોલીસે પકડવાના આરોપી બાકી છે તેમાં અસરફ દોસમામદ કોચલીયા રહે. સાંઢીયા ફુલ જામનગર જે દારૂ સપ્લાય કરનાર છે. અને રાહુલ મેર રહે જામનગર તથા સાજીદભાઈ રહે રાજકોટ જે દારૂ મંગાવનાર બંને આરોપીઓ છે તેને પોલીસે પકડવા માટે તપાસ હાથ ધરી છે અને આગળની કાર્યવાહી કરી રહી છે.હાલ પોલીસે બે આરોપી ઝડપી પાડ્યા છે તેમની પાસેથી ૧૪૨૮ ઈંગ્લિશ દારૂની બોટલનો જથ્થો ,બોલેરો પીકપ સહિત મોબાઈલ ફોન સહિત ૧૪, ૩૫,૩૪૪ નો મુદ્દા માલ કબજે કરવામાં આવ્યો છે તેમજ પોલીસે ફરારી આરોપીને ઝડપી પાડવા તેમજ દારૂ સપ્લાય કરનાર આરોપી અને દારૂ મગાવનાર આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે અને આગળની કાર્યવાહી હાથ ધારી છે.

# પ્રોહીબીશનના ગુનામાં બે વર્ષથી વોન્ટેડ આરોપીને બનાસકાંઠાથી ઝડપી લેવાયો

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબી પર ફર્લો સ્ક્વોડ દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ મથકના પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી બનાસકાંઠા જિલ્લાની થરાદ ચોકડી ખાતેથી પકડી લેવામાં આવ્યો છે, આ સાથે આરોપીને હસ્તગત કરી આગળની કાયદેસરની કાર્યવાહી સબબ એ ડિવિઝન પોલીસ મથકમાં સોંપી આપેલ છે.

મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમને બાતમી મળેલ કે વર્ષ ૨૦૨૨ માં મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહીબીશન એક્ટ હેઠળ નોધાયેલ ગુનામાં આરોપી પ્રકાશભાઈ સૈતાનારામ શાહુ (રાજસ્થાન) વાળો હાલે બનાસકાંઠા જીલ્લાના થરાદ તાલુકાના થરાદ ચોકડી પાસે હોવાની ચોકકસ હકિકત મળતા જે હકિકત આધારે મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમ દ્વારા ઉપરોક્ત સ્થળે તપાસ કરતા છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો આરોપી પ્રકાશભાઈ સૈતાનારામ શાહુ ઉવ.૨૫ રહે.પોલનીયા કિ ઢાણી ચુરાગામ તા.જી.જાલોર (રાજસ્થાન) વાળો મળી આવતા આરોપીને હસ્તગત કરી મોરબી એલ.સી.બી. કચેરી ખાતે લાવી આગળની કાર્યવાહી અર્થે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં સોલ્વ તજવીજ હાથ ધરી છે.

# દ્વારકામાં બોગસ પાસપોર્ટ કૌભાંડમાં તલાટી સહિત નવ શખ્સોની ધરપકડ

## તલાટી મંત્રી, પાસપોર્ટ એજન્ટ સહિત ૯ને દ્વારકા એસ.ઓ.જી.એ પકડયા : હાલ ઘણા યુ.કે. પહોંચી ગયા તેની ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરાઈ

**મુખ્ય સમાચાર,જામખંભાળીયા**

સરકારી રેકર્ડ સાથે ચેડા કરી બનાવટી ભારતીય પાસપોર્ટ આધારે યુ.કે.ના પોર્ટુગીઝ વિઝા મેળવવા અંગેનો દેવભૂમિ દ્વારકા એસ.ઓ.જી.એ પર્દાફાશ કરી તલાટી મંત્રી પાસપોર્ટ એજન્ટ સહિત ૭ની ધરપકડ કરી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શંકાસ્પદ ઈસમો દ્વારા સરકારી જન્મના રેકર્ડ સાથે ચેડા કરી, ભુતકાળમાં પાડવામાં આવેલ સાચી એન્ટ્રીઓનો નાશ કરી અને ખોટી એન્ટ્રીઓ ઉભી કરી, આ ખોટી એન્ટ્રીઓ આધારે ગ્રામ પંચાયતોના (ઈ-ઓળખ) ઓનલાઈન વેબ પોર્ટલમાં ખોટા જન્મના પ્રમાણપત્રો ગુનાહીત હેતુઓને પાર પાડવા બનાવવામાં આવી રહ્યા હોવાનું ધ્યાને આવતા, સદરહુ બાબતને નિતેશ પાંડયે પોલીસ અધિક્ષક, દેવભૂમિ દ્વારકા દ્વારાનાઓ દ્વારા પી.સી. શીંગરખીયા, પોલીસ ઈન્સ્પેકટર, એસઓજી દેવભૂમિ દ્વારકાનાઓને તાત્કાલીક હકીકત મુજબ વિગતો જણાઈ આવતા, જામ કલ્યાણપુર પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૮૫૦૦૩૨૪૧૦૭૦/ ૨૦૨૪, ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૬૧ (૨), ૨૩૪, ૨૩૫, ૩૩૬ (૨), ૩૩૬ (૩), ૩૩૭, ૩૩૮, ૩૪૦ (૨) મુજબની વિવિધ કલમો હેઠળ ગુન્હો નોંધાવવામાં આવેલ અને પી.સી. શીંગરખીયા, પોલીસ ઈન્સ. એસઓજી દેવભૂમિ દ્વારકા દ્વારા ગુન્હાની તપાસ તજવીજ હાથ ધરવામાં આવેલ આ ગુન્હાની તપાસ દરમ્યાન ખોટી એન્ટ્રીઓ આધારે બનાવટી દાખલા ઈસ્યુ કરનાર સરકારી કર્મચારી તલાટી કમ મંત્રી આરોપી હાર્દિકભાઈ સ.ઓફ ભીમશીભાઈ માયાભાઈ રાવલીયા ઉ.૩૩, ધંધો તલાટી કમ મંત્રી અને જન્મ મરણ રજીસ્ટ્રાર (હાલ ફરજ મોકુફ) હાલ રહે. મંત્રી સોસાયટી, બસ સ્ટેન્ડની પાછળ, ભાણવડ, તા.ભાણવડ, જીલ્લો દેવભૂમિ દ્વારકા, મુળ રહે. સીવા ગામ, તા.ભાણવડ જી. દેવભૂમિ દ્વારકા વાળાને ધોરણસર અટક કરી પુછપરછ કરતા આરોપીએ પોરબંદર જીલ્લાના દિલીપ મોઢવાડીયાને આ જન્મના પ્રમાણપત્રો કાઢી આપેલ હોવાનું જણાવેલ.

પુછપરછ દરમ્યાન જણાઈ આવેલ કે પોરબંદર જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં યુકે (ઈંગ્લેન્ડ) જવા ઈચ્છુક વ્યકિતઓ પોરબંદરમાં રહેતા પાસપોર્ટ એજન્ટ દિલીપ મોઢવાડીયા અને તેના સબંધી આશીષ ઓડેદરાનો સંપર્ક કરતા જેમાં આશીષ ઓડેદરા વલસાડ, દમણના પાસપોર્ટ એજન્ટોના સંપર્કમાં હોય અને રાયદે રાણા ઓડેદરા પોર્ટુગીઝ નાગરીકોના દસ્તાવેજો તથા પાસપોર્ટ બનાવવા માટે જરૂરી માહિતી મેળવી લેતો અને ત્યાર બાદ તલાટી કમ મંત્રી હાર્દીક રાવલીયાનો સંપર્ક કરતા અને અરજદારનું નામ, પોર્ટગીઝ માતા અથવા પીતાનું નામ, માઈનોર વિઝા સરળતાથી મળી રહે તે હેતુથી ઉંમર ૨૧થી ઓછી રાખવાની હોવાથી જન્મ તારીખમાં પણ ફેરખાર કરતા, ત્યારબાદ તલાટી કમ મંત્રી હાર્દીક રાવલીયા પોતાની સરકારી ફરજનો ગેરઉપયોગ કરી, જન્મ મરણ નોંધ રજીસ્ટરમાં જુની નોંધ કોઈપણ રીતે હટાવી નવી એન્ટ્રી કરતો. સુરતના પાસપોર્ટ એજન્ટ રિકેશ શાહ અને પીનાકીન રાણાની મદદ લેતો આ બનાવટી પાસપોર્ટ પ્રતીક ટડેલ મારફતે કુરીયર કરી આશીષ ઓડેદરા અને દિલીપ મોઢવાડીયંને મોકલી આપતો હતો. આ પાસપોર્ટ એજન્ટો દ્વારા બનાવટી પાસપોર્ટ ધારક જયારે પોર્ટુગીઝ તરીકે વિઝા માટે એપ્લીકેશન કરે ત્યારે પુછપરછ દરમ્યાન કરવામાં આવતા સવાલો અંગે અગાઉથી પ્રીપરેશન કરાવવામાં આવતું.



અમુક બનાવટી પાસપોર્ટ ધારકો ઓળખી શકાયેલ છે જેઓને ગુન્હાના કામે અટક કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેમજ અમુક બનાવટી પાસપોર્ટ ધારકો હાલ યુકે ખાતે વિઝા મેળવી ગયેલ હોય જેના વિઝા તેમજ પાસપોર્ટ રદ્દ કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે. આ ગુન્હાની તપાસ પી.સી. શીંગરખીયા, પોલીસ ઈન્સ., એસઓજી, દેવભૂમિ દ્વારકા દ્વારા ચલાવવામાં આવી રહેલ છે. આ ગુનામાં ૯ આરોપીની ધરપકડ કરી તપાસને આગળ ધપાવી છે.

# જામનગરમાં મહાનગરપાલિકાની સામાન્ય સભા મેયરના અધ્યક્ષ સ્થાને યોજાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**





## જનરલ બોર્ડમાં ધારાસભ્ય દિવ્યેશ અકબરી રહ્યા હાજરઃ કોંગ્રેસ નગરસેવિકાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જય બોલાવી

જામનગરમાં કુંવરબાઈ ધર્મશાળા ખાતે મહાનગરપાલિકાની જનરલ બોર્ડ મેયરના અધ્યક્ષ સ્થાને યોજાય હતી. મહાનગર પાલિકાની જનરલ બોર્ડમાં ધારાસભ્ય દિવ્યેશ અકબરી પણ હાજર રહ્યા હતાં, આ સભામાં વિપક્ષી સભ્યોએ ગઈકાલે કાલાવડ નાકા વિસ્તારમાં પુલ બનાવવા માટેના જે લોકમત મેળવ્યા હતાં, તે અંગે મતનો થેલો મેયરને અર્પણ કર્યો હતો. આ કામ તાત્કાલીક શરૂ કરાવવા રજૂઆત કરવામાં આવી હતી. જે અંગે મેયરે જણાવ્યું હતું કે જુલાઈ મહીનામાં આ અંગેની જાહેરાત થઈ ગઈ છે, તેમજ ટેન્ડર બહાર પાડવાની પ્રક્રિયા ચાલું છે અને ટુંક સમયમાં જ કામગીરી થઈ જશે. તેમજ જનરલ બોર્ડમાં કોંગ્રેસ નગરસેવિકાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જય બોલાવી હતી. આ અંગે વિગતે વાત કરવામાં આવે તો, જામનગરમાં આજે કુંવરબાઈ ધર્મશાળા ખાતે મેયર વિનોદ ખીમસુરીયાના અધ્યક્ષ સ્થાને મળેલી મહાનગર પાલિકાની જનરલ બોર્ડમાં ધારાસભ્ય દિવ્યેશ અકબરી પણ હાજર રહ્યા હતાં, આ સભામાં વિપક્ષી સભ્યોએ ગઈકાલે કાલાવડ નાકા વિસ્તારમાં પુલ બનાવવા માટેના જે લોકમત મેળવ્યા હતાં, તે અંગે મતનો થેલો મેયરને અર્પણ કર્યો હતો અને આ કામ તાત્કાલીક શરૂ કરાવવા જોરદાર રજૂઆત કરી હતી.

સાથે જ જામનગર મહાનગરપાલિકાની જનરલ બોર્ડમાં કાલાવડ નાકા બહાર બ્રિજ બનાવવા માટે વિપક્ષી સભ્યો અસ્લમ ખીલજી, જૈનબબેન ખફી અને ફેમીદાબેન જુણેજા દ્વારા ગઈકાલે મેળવેલા લોકમતના પત્રો મેયરને સુપ્રત કર્યા હતાં અને તાત્કાલીક આ બ્રિજ બનાવવા માટે માંગણી કરી હતી તેના જવાબમાં મેયર વિનોદ ખીમસુરીયાએ કહ્યું હતુ કે, જુલાઈ મહીનામાં જ આ અંગેની જાહેરાત થઈ ગઈ છે, ટેન્ડર બહાર પાડવાની પ્રક્રિયા ચાલું છે અને ટુંક સમયમાં જ કામગીરી થઈ જશે, આ માટે વિપક્ષી સભ્યો લીંબડ જશ ન ખાટે, તેના જવાબમાં વિપક્ષી સભ્યોએ સામો જવાબ આપતા વાતાવરણ થોડુ ઉગ્ર બન્યું હતુ, જામનગરમાં રહેલા આવાસોમાં લોકોને સગવડ આપવામાં આવતી નથી, આ અંગે તપાસ કરવાની જરૂર છે તેવો આક્ષેપ નગરસેવીકા રચના નંદાણીયાએ કર્યો હતો.

# જામકંડોરણાના સનાળા ગામે માતાનો પુત્ર તથા પુત્રી સાથે સામૂહિક આપઘાત

## પતિએ કામ બાબતે ઠપકો આપતાં પત્નીએ પુત્ર અને પુત્રીને ઝેરી દવા પીવડાવી પોતે પણ પી લીધી

**મુખ્ય સમાચાર, જામકંડોરણા**



જામકંડોરણા તાલુકાના સનાળી ગામે પતિએ પત્નીને કામ બાબતે ઠપકો આપતા પત્નીએ પુત્ર અને પુત્રીને ઝેરી દવા પીવડાવી પોતે પણ પી લેતા ત્રણેયના મોત નિપજતા અરેરાટી પ્રસરી ગઈ છે.

જામકંડોરણા તાલુકાના સનાળા ગામે અલ્પેશભાઈ હંસરાજભાઈ પોલીયોની વાડીએ રહેતા અને જમીન ભાગમાં વાવતા ઈશ્વરભાઈ ચીમનભાઈ બીલવાડ જાતે આદિવાસી મુળ રહેવાસી ગામ કાટુ, નિશાળ ફળીયુ, તા. ધાનપુર, જી. દાહોદ એ જામકંડોરણા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે કે તેઓ છેલ્લા નવેક વષેથી સનાળા ગામે ખેતીની જમીન ભાગમાં વાવી પરિવારનું ગુજરાન ચલાવે છે ફરીયાદીએ તેની પત્ની સેનાબેનને સવારમાં વહેલા ઊઠીને કામ કરશો તો બે પૈસા કમાશુ તેમ ઠપકો આપતાં તેને લાગી આવતા વાડીએ ઓરડીમાં મૃતક સેનાબેન પોતે તથા તેના બંને બાળકો જેમાં દીકરી કાજલ ઉ.વ. ૬ તથા દીકરો આયુશ ઉ. વ. ૫ ને અંદર લઈ જઈ ઓરડીનો દરવાજો અંદરથી બંધ કરી બંને બાળકોને ઝેરી દવા પીવડાવી પોતે ઝેરી દવા પી લેતાં પોતે તથા બંને બાળકોના મોત થયા હતા પરિવાર વાડી વિસ્તારમાં મજુરીકામ માટે ગયો હતો મજુરી કામ કરી પરિવારના સભ્યો પરત આવતા ઓરડીનો દરવાજો અંદરથી બંધ હતો જેથી આસપાસમાં રહેતા અન્ય મજુરોને બોલાવીને દરવાજો તોડવામાં આવતા અંદર જોતા માતા તથા બંને બાળકોના મૃતદેહ મળી આવ્યા હતા બનાવને પગલે જામકંડોરણા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને મૃતદેહોને પી એમ માટે ખસેડી તપાસ હાથ ધરવામાં આવી છે

# સૌરાષ્ટ્ર - કચ્છમાં હાડ ધ્રુજાવતી ઠંડી યથાવત : હજુ ત્રણ દિવસ કોલ્ડવેવ

## રાજકોટ, જુનાગઢ, નલિયામાં સિંગલ ડિઝીટ તાપમાન : નલિયા – જુનાગઢમાં ૮, રાજકોટમાં ૯.૮ ડિગ્રી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર–કચ્છમાં હાડ ધ્રુજાવતી ઠંડીનો દૌર યથાવત રહ્યો છે ત્યારે હજુ પણ ત્રણ દિવસ સુધી નકોલ્ડવેવથનાં કારણે ઠંડુનું જોર વધશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. ખાસ કરીને સવાર અને સાંજના ભાગે ઉત્તર–પૂર્વના ઠંડા પવનોથી જનજીવન ઉપર વિપરીત અસર પડી છે.

હાડ ધ્રુજાવતી ઠંડીમાં ખાસ કરીને રાત્રીનાં ઠેર ઠેર તાપણા દેખાવા લાગ્યા છે. તો ચાર અને કાવાની ગરમાગરમ ચુસ્કીની મોસમ પણ ખીલી છે. દરમ્યાન આજે પણ રાજકોટ, નલિયા અને જુનાગઢમાં સિંગલ ડિઝીટમાં તાપમાન નોંધાયુ હતું.

આજે સવારે નલિયા અને જુનાગઢમાં ૮ ડિગ્રી તથા રાજકોટ શહેરમાં ૯.૮ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. ઉલ્લેખનીય છે કે રાજકોટમાં આજે સતત ત્રીજા દિવસે સિંગલ ડિઝીટમાં તાપમાન નોંધાતા નગરજનો ઠરી ગયા હતા. દરમ્યાન વધુમાં પ્રાપ્ત અહેવાલો મુજબ જુનાગઢ શહેરમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે તાપમાનમાં એકાએક વધઘટ થઈ રહી છે. એક જ દિવસમાં તાપમાન ૮.૨ ડિગ્રીનો વધારો થવા પામ્યો છે. પરંતુ બર્ફીલા પવનના કારણે ઠંડીનું જોર યથાવત રહેવા પામ્યું છે.

મોડી રાત્રીના લોકોની અવર જવર ઓછી થવા પામી છે. છેલ્લા ચાર દિવસથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી વધઘટ થઈ રહી છે. બે–ત્રણ ડીગ્રી પારો ગગડયા બાદ ગઈકાલે ૮.૨ ડિગ્રીનો વધારો થવા પામ્યો છે.

જુનાગઢમાં મહતમ તાપમાન ૨૭.૬ ડિગ્રી જયારે લઘુતમ તાપમાન શહેરમાં ૮.૨ ભવનાથ તળેટીમાં ૧૩.૩ ડિગ્રી રહેવા પામ્યું હતું. ભેજનું પ્રમાણ ઘટવા પામ્યુ છે. પરંતુ પવનની ગતિ ૧૦ કિ.મી. પ્રતિ કલાક રહેવા પામતા વાતાવરણ ઠંડુગાર બની જવા પામ્યું છે. ઠેર ઠેર લોકો ઠંડીના તાપણા, ગરમ કપડા, મફલર, ટોપી પહેરીને જોવા મળી રહ્યા છે. તથા અમરેલી જિલ્લા પંથકમાં ચાલુ સપ્તાહે કડકતી ઠંડી પડી રહી છે અને તાપમાનનો પારો વધુ અને વધુ નીચે જઈ રહ્યો છે ત્યારે અમરેલી શહેરમાં ચાલુ વર્ષે પ્રથમ વખત તાપમાનનો પારો ૧૧.૮ ડિગ્રી સુધી ગગડી ગયો હતો.સમગ્ર અમરેલી પંથકમાં શીત લહેર ફરી વળી છે. અને વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ છે. આમ તો સપ્તાહ પહેલા જ ઠંડીની શરૂઆત થઈ ગઈ હતી અને રોજ રોજ તાપમાનનો પારો વધીને વધુ નીચે જઈ રહ્યો છે.

ગઈકાલ સાંજ કરતાં આજે પવનમાં આંશિક રાહત જોવા મળી હતી બીજી તરફ તંત્ર દ્વારા શીત લહેરની આગાહી કરવામાં આવી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા આ આગાહી કરાતા અમરેલી જિલ્લા આપતી વ્યવસ્થા તંત્ર દ્વારા આગામી ૨૪ કલાકમાં શીત લહેરને પગલે શાળા–કોલેજ જતા વિદ્યાર્થીઓ, ખેતી કામ સાથે સંકળાયેલા લોકો, પશુપાલકો, દર્દીઓ, વૃદ્ધ અને નિરાધાર લોકો વિગેરેને શીત લહેર સામે રક્ષણ માટે પૂરતા યોગ્ય પગલાં લેવા અનુરોધ કરાયો છે.

ગ્રામ્ય વિસ્તારો અને શહેરોની બજારમાં સાંજ પડતા જ રસ્તાઓ સુમસામ બની જાય છે. આકરી ઠંડીના પગલે જનજીવન પર પણ અસર વર્તાઈછે અને સાંજ પડતા જ બજારમાં સોપો પડી જાય છે. શહેરમાં બપોરના સમયે પણ ટાઢો બોળ પવન ફૂંકાયો હતો. ત્યારે સાવરકુંડલા પંથકના આંબરડી સહિત ગીરકાંઠાના વિસ્તારોમાં લોકો રાત્રે ઠંડીથી બચવા તાપણાનો સહારો લઈ રહ્યા છે તો કેટલાક ઠંડીની મજા પણ માણી રહ્યા છે. અમરેલી ખાતે આજે સવારે મહતમ તાપમાન ૨૮.૦, લઘુતમ તાપમાન ૧૩.૩, ભેજનું પ્રમાણ ૪૯ ટકા જયારે પવનની ગતિ ૭.૪ કી.મી. જયારે ૧૩.૫ ડી.ગ્રી. નોંધાયેલ છે. જયારે જામનગર શહેરમાં શિયાળો જમાવટ કરી રહયો છે જેમાં વેગીલા વાયરા સાથે તિવ્ર ઠંડીના મુકામથી જનજીવન ધ્રુજી ઉઠયુ હતુ.જામનગરમાં લઘુતમ તાપમાનનો પારો ૧૪. ડિગ્રી પર સ્થિર થયો હતો.પવનની ગતિમાં ૨ કિમિ વધીને ૮.૪ કિમિ પહોંચી જતા સુસવાટા મારતા પવનથી શહેરીજનો ઠડીમાં ઠુઠવાયા હતા. શહેરમાં હેમાળો અસલ મિજાજ દર્શાવી રહયો છે. જેમાં લઘુતમ તાપમાનમાં ૧.૫ ડિગ્રીમાં વધારા સાથે ફરી પારો ૧૪ ડિગ્રી નોંધાયુ હતું.મહતમ તાપમાન



સતત બીજાદિવસે પણ ૨૫.૨ ડિગ્રીની આસપાસ રહ્યું હતું. જો કે પવનની ગતિ પ્રતિકલાક ૮.૪ કિમિ પહોંચતા જેના કારણે તિવ્ર ઠંડીનુ સામ્રાજય જોવા મળ્યુ હતુ.ઠંડીના વધતા જતા પ્રભાવ વચ્ચે વેગીલો વાયરો ફૂંકાતા શહેરીજનો ઠુઠવાયા હતા.જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ માં ૭ ટકા ઘટાડા સાથે ૫૧ ટકા નોંધાયું હતું.દરમ્યાન આજરોજ સવારે અમદાવાદમાં ૧૩.૩, વડોદરામાં ૧૨, ભાવનગરમાં ૧૪.૬, ભુજમાં ૧૨, ડિસામાં ૧૦.૪, દિવમાં ૧૫.૭, દ્વારકામાં ૧૪.૪, ઓખામાં ૧૯.૯ તથા પોરબંદરમાં ૧૪.૮ અને વેરાવળમાં ૧૫.૮ ડિગ્રી લઘુતમ તાપમા નોંધાયુ હતું.

# ગોંડલ ખાતે યોજાયેલ દિવ્યાંગ સાધન સહાય એસેસમેન્ટ કેમ્પનો ૩૭૨ દિવ્યાંગોને મળ્યો લાભ

## ૧૧૦ લાભાર્થી દિવ્યાંગોને રૂ. ૨૨ લાખથી વધુના ૧૯૫ સાધનો થશે એનાયત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજય સરકારના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લા વહિવટી તંત્ર તથા સંબંધિત વિભાગોના સહયોગથી તમામ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓ પૈકી દિવ્યાંગતાની કેટેગરી મુજબ પાત્રતા ધરાવતા લાભાર્થીઓ માટે તાલુકા કક્ષાએ જ ખાસ સાધન સહાય એસેસમેન્ટ કેમ્પ યોજાઈ રહ્યા છે. જેમાં ગોંડલ ખાતે લાભાર્થીઓને નિઃશુલ્ક સહાયક ઉપકરણ મળી રહે તેવા ઉદેશ્યને ધ્યાને લઈ જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ પી.જી.વી.સી.એલ.ના સી.એસ.આર ફંડ હેઠળ અલીમ્કો ઉજ્જૈન દ્વારા નિઃશુલ્ક દિવ્યાંગ સહાયક ઉપકરણ માટે એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો ૩૭૨ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

આ કેમ્પમાં ૯૪ લાભાર્થીઓના નવા ડોક્ટરી સર્ટી/ગ્ઉઈઉ, ૩૨ લાભાર્થીઓને ક્ખઉંઅઢ કાર્ડ, ૪૧ આભા કાર્ડ તથા ૧૦ વય વંદના કાર્ડ બનાવી આપવામાં આવ્યા હતા. આ સાથે એલીમ્કો દ્વારા ૨૩ લાભાર્થીઓને મોટ્રાઈઝ બેટરી બાઈક, ૩૩ લાભાર્થીઓને ટ્રાઈસીકલ, ૨૮ લાભાર્થીઓને વ્હીલચેર, ૦૬ લાભાર્થીઓને ટી એલ એમ કીટ, ૪૮ લાભાર્થીઓને કાખ ઘોડી, ૨૧ લાભાર્થીઓને વોકિંગ સ્ટિક, ૦૬ લાભાર્થીઓને હિયરિંગ એડ, ૦૪ લાભાર્થીઓને સુગમ્ય કેન, ૦૪ લાભર્થીઓને સિલિકોન ફોમ, ૦૨ લાભાર્થી ને ટેટ્રા પોર્ડ, ૦૫ લાભાર્થી ને સેલ ફોન, ૦૫ લાભાર્થી ને અઉક કીટ, ફોલ્ડેબલ વોકર ૦૫, જોયસ્ટીક વ્હિલચેર ૦૨, ટ્રીપોડ સાઈઝ ૦૩ વગેરે



કુલ ૧૧૦ લાભાર્થીઓને રૂા.૨૨,૫૭,૪૮૨/– ના ૧૯૫ સહાયક ઉપકરણ તેમજ સમાજ સુરક્ષા કચેરી દ્વારા ૬૩ લાભાર્થીઓને યોજનાકીય લાભો મંજુર કરવામાં કરવામાં આવ્યા હતા.

# રાજકોટ મહાપાલિકા દ્વારા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૧૩૦૦/–નો વહીવટી ચાર્જ વસુલ કરાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ–૨૦૨૧ અન્વયે તારીખ ૧૧/૧૨/૨૦૨૪ થી ૧૨/૧૨/૨૦૨૪ એમ કુલ ૨ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા. ૧૧/૧૨/૨૦૨૪ થી ૧૨/૧૨/૨૦૨૪ એમ કુલ ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૫૦ આસામીઓ પાસેથી ૨.૫૨ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૧૩૦૦/–નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીક્નું વેચાણ કરતા ૧૨ આસામીઓ પાસેથી ૧.૨૯ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૨૭૦૦/–નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીક્નું વેચાણ કરતા ૧૫ આસામીઓ પાસેથી ૦.૪૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૩૧૦૦/–નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીક્નું વેચાણ કરતા ૨૩ આસામીઓ પાસેથી ૦.૭૮ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક



જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૫૦૦/–નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરશ્રીની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર ના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસરહાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

# જાગૃત નાગરિકે એક વિડીયો ડીડીઓને મોકલતા સસ્પેન્સનનું ભરાયું પગલું: લાંચની માગણીનો વિડિયો હોવાની ચર્ચા

## ચોટીલાનાં ખેરાણા ગામનાં તલાટી મંત્રીને ફરજ મૌકુફ કરાતા ખળભળાટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ચોટીલા તાલુકા પંચાયત છેલ્લા ઘણા દિવસોથી જાણે કોઈ રણીધણી ના હોય તેવી ફરિયાદ ઉઠી છે ત્યારે એક જાગૃત નાગરિક દ્વારા એક વિડીયો જીલ્લા વિકાસ અધિકારીને મોકલતા ચોટીલાનાં ખેરાણા ગ્રામ પંચાયતનાં તલાટી કમ મંત્રીને દસાડા ખાતે ફરજ મૌકુફીનો હુકમ કરતા જીલ્લાનાં પંચાયત વર્તુળમાં ખળભળાટ મચી ગયો છે.

મળતી માહિતી મુજબ યાત્રાધામ ચોટીલાની તાલુકા પંચાયતમાં ખેરાણા ગ્રામ પંચાયતનાં તલાટી કમ મંત્રી કે.ડી.ચાવડા નો વિડીયો જિલ્લા નાં ઉચ્ચ અધિકારી ને મળતા કલાકોમાં અસરકારક પગલા ભરાયા છે જેમા ચોટીલા તાલુકા પંચાયતનાં ખેરાણા



ગામનાં તલાટી દ્વારા પંચાયત કર્મચારીને છાજે નહી તેવું કૃત્ય કરી ગુજરાત પંચાયત સેવા (વર્તણુંક) નિયમો–૧૯૯૮ ના નિયમ–૬ નો ભંગ કર્યાનું સાબિત થાય છે. જે ધ્યાને લેતાં કે.ડી.ચાવડા સામે શિસ્ત પાલનની કાર્યવાહી હાથ ધરી ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો–૧૯૯૭ ના નિયમ–૬ નીચે શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકે તેવો કિસ્સો હોય જેથી ચાવડાને ફરજ પર ચાલુ રાખવા પંચાયત સેવાના હિતમાં ન હોઈ તલાટી–કમ–મંત્રી, ખેરાણા હસ્તકનો તમામ ચાર્જ અન્ય ને સંપૂર્ણ પણે સોંપાવી તાત્કાલીક અસરથી ફરજ મોકુફી ઉપર મુકત કરવામાં આવેલ છે.ફરજ મોકુફી દરમ્યાન કર્મચારીનું કાર્યમથક દસાડા તાલુકા પંચાયત મુકાતા જિલ્લાનાં બેડામાં ખળભળાટ મચી ગયો છે.

જિલ્લા વિકાસ અધિકારીને પ્રાપ્ત થયેલ વિડીયામાં કામના બિલના ચુકવણા માટે તલાટી દ્વારા ટકાવારીની લાંચ પેટે ખુલ્લે આમ માગણી કરવામાં આવેલ હોવાની ઘુસપુસ તલાટી વર્તુળોમાં છે હાલ સમગ્ર બનાવ ટોક ઓફ ધ ટાઉન બનેલ છે એન્ટી કરપ્શન બ્યુરો સુધી મામલો જશે તેવી પણ ચર્ચા ઉઠી છે જિલ્લાભરમાં ચોટીલા તાલુકા પંચાયતનાં તલાટી મંત્રીની ફરજ મૌકુફીનાં હુકમને લઈને ચકચાર સાથે તરેહ તરહની વાતો તલાટી વર્તુળમાં જોવા મળે છે.

# ૨૦મીએ ઘેલા સોમનાથમાં રાજકોટ જિલ્લાની ચિંતન શિબિર યોજાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

લાંબા વર્ષો બાદ રાજકોટ જિલ્લાની ચિંતન શિબિરનું આયોજન જિલ્લા કલેકટર પ્રભાવ જોશી દ્વારા કરવામાં આવ્યું છે. આ ચિંતન શિબિર આગામી ૨૦મીએ ઘેલા સોમનાથ ખાતે યોજાશે. જેમાં રાજકોટ જિલ્લાના વિકાસ અંગેનું ચિંતન કરવામાં આવશે. તેમજ જિલ્લાના પ્રવાસન સ્થળો કઈ રીતે વેગ આપવો, પ્રવાસન સ્થળો પર સાફ–સફાઈ,નવા પ્રવાસન સ્થળનો ઉમેરો, ગ્રામ્ય વિસ્તાર વિકાસ કઈ રીતે વધારવો અને તાલુકા વિસ્તારોમાં વિકાસ કક્ષાએ પ્રાથમિક સુવિધાઓ સ્વચ્છતા સહિતની મુદ્દા ઉપર ચિંતન કરવામાં આવશે. તાલુકાઓના વિસ્તારોમાં બની રહેલા સ્પોર્ટ કોમ્પ્લેક્સોની કામગીરી ઝડપી પૂર્ણ કરવા સહિતની ચર્ચાઓ આ ચિંતન શિબિરમાં કરવામાં આવશે. આ ચિંતન શિબિરમાં નાયબ મામલતદાર, ટીડીઓ, મામલતદાર, પ્રાંત અધિકારી સહિતના ૬૦ થી વધુ અધિકારીઓ આ ચિંતન શિબિર હાજર રહશે.

કલેક્ટર પ્રભાવ જોશી એ જણાવ્યું હતું કે આગામી ૨૦ મી ને શુક્રવારના રોજ ઘેલા સોમનાથના ખાતે રાજકોટ જિલ્લાની ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં રાજકોટ તેમજ જિલ્લાના મામલતદાર, પ્રાંત અધિકારીઓ, અન્ય લાગતા વળગતા અધિકારીઓ સહિતના અધિકારીઓને અરજદારો અને કઈ રીતે સહેલાઈથી તેઓની કામગીરી પૂર્ણ કરી શકે, કચેરી ખાતે અરજદારો સાથે વ્યવહાર, તેમજ જિલ્લાના અધિકારીઓની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવશે.

રાજ્ય સરકારની યોજનાઓ સહિતના વિવિધ વિકાસના પ્રશ્નો અંગે પણ ચર્ચા કરવામાં આવશે. તેમજ રાજકોટ જિલ્લાના પ્રવાસન સ્થળો વિકસાવવા અંગેની પણ ખાસ ચર્ચાઓ કરવામાં આવશે.

# રેલવે દ્વારા અનરિઝર્વ્ડ યાત્રીઓની સુવિધા માટે જોડવામાં આવ્યા વધારાના સામાન્ય ડબ્બા

**આનાથી સમાજના આર્થિકરૂપે અશક્ત વર્ગો માટે બહેતર પહોંચ અને સુવિધા સુનિશ્ચિત થશે**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વર્ષ ૨૦૨૪–૨૫ માં ૧૯૦૦ થી વધારે નોન–એસી કોચ વધારવામાં આવી રહ્યા છે, જેમાં ૩૮૪ ઈએમયુ કોચ અને ૧૮૫ મેમૂ કોચ હશે તથા આનાથી લગભગ ૭૨ લાખ યાત્રી લાભ મેળવશે

રેલવે દ્વારા નોન–એસી કોચ માટે ૨:૩ અને એસી કોચ માટે ૧:૩ નું ગુણોત્તર જાળવી રાખતાં આર્થિકરૂપે અશક્ત વર્ગો અને અન્ય



લોકો માટે સુવિધાઓના વિસ્તરણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે. સામાન્ય ડબ્બાઓમાં વધતી માંગને પૂરી કરવા માટે એક સ્પેશિયલ મેન્યુફેક્ચરીંગ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે.

આ નાણાંકિય વર્ષમાં ૧૯૧૪ કોચ પહેલેથી જોડાવામાં આવી ચુક્યા છે, જેમાં ૩૮૪ ઈએમયુ કોચ અને ૧૮૫ મેમૂ કોચ છે, જે અનરિઝર્વ્ડ શ્રેણીના યાત્રીઓ માટે સુવિધા સુનિશ્ચિત કરે છે. આનાથી લગભગ ૭૨ લાખ યાત્રી લાભ મેળવશે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા આપવામાં આવેલ એક પ્રેસ રીલિઝ મુજબ, રેલવે યાત્રા પ્રત્યે સામાન્ય જનતાની સતત વધતી માંગને ધ્યાનમાં રાખતાં દેશભરના તમામ રેલવે ઝોન અને ડિવિઝનોમાં વધારાના સામાન્ય ડબ્બાઓ વધારવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ ક્રમમાં, પશ્ચિમ રેલવે દ્વારા પાછલા છ મહીનાઓમાં એટલે કે જુલાઈથી ડિસેમ્બર સુધી ૭૮ જોડી ટ્રેનોમાં સામાન્ય શ્રેણી (ગ્રજ્જ) ના લગભગ ૧૫૦ નવા વધારાના ડબ્બા જોડવામાં આવ્યા છે. આનાથી પ્રત્યેક દિવસે હજારો વધારાના યાત્રી લાભ મેળવી રહ્યા છે.

# ૭૫ લાખ રાશન કાર્ડ ધારકોને તુવેરદાળનો દાણો પણ ન મળ્યો

## ૩.૦૬ લાખ ગરીબોને ડિસેમ્બરમાં અનાજ મેળવવામાં મૂશ્કેલી પડશેઃ રજુઆત કરાઇ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરમાં ગરીબોને રાશનકાર્ડ મારફત સસ્તા અનાજની દુકાનો ખાતેથી દર મહિનાના અનાજ આપવામાં આવે છે, પરંતુ ડિસેમ્બર માસમાં રાજ્યના ૭૫ લાખ રાશનકાર્ડ ધારકો તુવેરદાળ વિહોણા રહેશે કારણકે તુવેરદાળનો જથ્થો સસ્તાની દુકાનો સુધી પહોંચાડવામાં જ આવ્યો નથી. ૫૦% એલોટમેન્ટ માટે સસ્તા અનાજના દુકાન ધારકો પાસેથી નાણાંની વસુલાતો કરવામાં આવેલી છે, પરંતુ જથ્થો મળ્યો નથી. જેને કારણે આ મહિને રાજકોટ જિલ્લાના ૩.૦૬ લાખ રાશનકાર્ડ ધારકોને તુવેર દાળ મળી નથી. જ્યારે ચણા ૫૦ ટકાને જ મળ્યાં છે. જેને કારણે રાશન કાર્ડ ધારકોમાં રોષ ફેલાયો છે.પ્રાપ્ત વિગતો મુજબ



રાજકોટ શહેરમાં ઝોન–૧માં ૨૦,૯૫૨, ઝોન–૨માં ૧૫,૨૮૨, ઝોન–૩માં ૧૩,૨૫૧ અને ઝોન–૪માં ૧૭,૫૫૯ રાશન કાર્ડ ધારકો છે. જ્યારે જિલ્લામાં ૩,૦૬,૯૫૫ ગ્રાહકો છે. ગુજરાત રાજ્યમાં ૭૫,૨૬,૧૨૩ રાશન કાર્ડ ધારકો છે. એક રાશન કાર્ડ દીઠ એક કિલો તુવેરદાળ આપવામાં આવે છે અને સસ્તા અનાજના દુકાનદાર દ્વારા એક કિલો તુવેર દાળ દીઠ રૂ. ૫૦ ભરવાના હોય છે. જોકે આ વખતે તુવેરદાળનો ૫૦% જથ્થો આવશે તેવું રાજ્યના પુરવઠા વિભાગ દ્વારા કહેવામાં આવ્યું હતું અને હવે જથ્થો નહીં આવે તેવું જાહેર થયું છે, ત્યારે દુકાન ધારકોના નાણા પણ ફસાયા છે. રાજકોટ જિલ્લામાં ૧૮૫ સહિત રાજ્યમાં ૧૭,૦૦૦ જેટલી સસ્તા અનાજની દુકાનો છે ત્યાંથી દર મહિને ચણા, તુવેર દાળ, ચોખા, ખાંડ સહિતની વસ્તુઓ આપવામાં આવે છે. જોકે દર મહિને અનાજના વિતરણને લઈને હોબાળો થાય છે તેવામાં આ મહિને ચણાનો જથ્થો ૫૦% છે, ત્યારે તુવેરદાળનો તો જથ્થો જ નથી આવ્યો. અનાજના ઓછા વિતરણને લઈને સસ્તા અનાજના દુકાન ધારકો વારંવાર પોતાની રજૂઆત જિલ્લા કલેકટર ઉપરાંત રાજ્ય કક્ષાએ આપે છે, પરંતુ આ સમસ્યાનો નિકાલ થતો નથી.

# પાંભર પરિવાર દ્વારા આગામી તારીખ ૨૫ના ખોડલધામ ખાતે ધ્વજા મહોત્સવનું આયોજન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સમસ્ત પાંભર પરિવાર દ્વારા આગામી તારીખ ૨૫ ડિસેમ્બરને બુધવારના રોજ સવારે ૯:૩૦ કલાકે ખોડલધામ કાગવડ મુકામે દર વર્ષની માફક આ વર્ષે પણ ધ્વજા મહોત્સવ નુ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે તો પાંભર પરિવારના દરેક સદસ્યોને આ મહોત્સવમાં પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે આ માટે ભોજન પાસની વ્યવસ્થા પણ કરવામાં આવી છે જે માટે આગામી તા ૧૬ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન ડો મોહિત ભગવાનજીભાઈ પાંભર, દર્શન ડેન્ટલ ક્લિનિક, મવડી ચોકડી, રાજકોટ તેમજ કિશોર મનજીભાઈ પાંભર,ધારા રા સાડીઝ,આર્યનગર સોસાયટી, કૈલાશધારા મેઈન રોડ,ખોડીયાર ડેરી ની બાજુમાં રાજકોટનો સંપર્ક કરી મેળવી લેવા બહારગામ થી ભોજન પાસ લેવા આવનાર દરેક વ્યક્તિએ તેના ગામમાંથી ખોડલધામ આવનાર વ્યક્તિનું લિસ્ટ સાથે લાવવાનું રહેશે


# કોરોના બાદ રાજકોટ શહેર–જીલ્લામાં ટીબીના કેસોમાં ભારે ઉછાળો: ટીબીને નેસ્ત નાબૂદ કરવા કલેકટરનું અભિયાન

## ૨૪ માર્ચ સુધી પેમ્પલેટ–સ્કૂલોમાં પ્રચાર–ગામડાઓમાં તપાસણી–કફના નમુના લેવા આદેશો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કોરોના કાળ બાદ રાજકોટ શહેર–જીલ્લામાં ટીબીના કેસોમાં ભારે ઉછાળો આવ્યાનું આજે કલેકટર કચેરીએ આવેલ જીલ્લા પંચાયતના આરોગ્ય અધીકારી–સૂત્રોએ ઉમેર્યુ હતું, અને તે સંદર્ભે આગામી ૩ થી ૪ મહિના ખાસ જાગરૂકતા અંગે અભિયાન ચલાવવા સરકારે સૂચના આપી છે.

દરમિયાન આજે કલેકટરે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, શહેર–જીલ્લામાં ૭ ડીસેમ્બરથી ૨૪ માર્ચ સુધી ટીબી સામે ખાસ અભિયાન શરૂ કરાયું છે, જેમાં પેમ્પલેટ દ્વારા જાગૃતિ, સ્કૂલો–




કોલેજોમાં ખાસ પ્રચાર, ગામડાઓમાં આશા વર્કર દ્વારા ઘરે–ઘરે તપાસણી, ૬૦ થી ઉપરના દરેક સ્ત્રી–પુરૂષની તપાસ, વજન ઓછું હોય તેને ખાસ ચેક કરવા, કફ થઈ ગયો હોય તો તેના નમુના લેવા, એકસ–રે કરાવવા, બે વર્ષથી ટીબી થયો હોય અને કલીયર થયો હોય તેની ફેર તપાસણી, ધુમ્રપાન કરતા લોકોની ખાસ ચકાસણી, ફીઝીકલી પણ તપાસણી–વિગેરે તમામ મુદાઓ ખાસ આવરી લેવાયા છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

